પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૯ | ૭ ઓગસ્ટ, ૨૦૧૮, મંગળવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સુપ્રીમ કોર્ટમાં કલમ ૩૫એ પર સુનાવણી ટળી

**૨૭મી ઓગસ્ટના દિવસે મામલામાં ફરી સુનાવણી : જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપનાર કલમ ૩૫એને રદ કરવા સંબંધિત અરજીને લઇ આક્ષેપબાજીનો દોર : તર્કદાર દલીલો કરાઈ**



શ્રીનગર, તા. ૫

જમ્મુ-કાશ્મીર અને દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર કલમ ૩૫-એની કાયદેસરતાને લઈને સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર આજે સુનાવણી ટળી ગઈ હતી. જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપનાર કલમ ૩૫એને રદ કરવા સાથે સાંબાંધિત અરજી ઉપર સુનાવણી ટાળી દેવામાં આવ્યા બાદ હવે આ મામલામાં ઉપર સુનાવણી ૨૭મી ઓગસ્ટના દિવસે હાથ ધરવામાં આવશે. બંધારણની આ કલમને લઈને નિષ્ણાતોના જુદા જુદા અભિપ્રાય રહ્યા છે. આને લઈને ઘણા વિવાદ પણ છે. કલમ ૩૫એના વિરોધમાં બે દલીલો મુખ્યરુપથી રહી છે જે પૈકી પ્રથમ દલીલ એ છે કે, તે રાજ્યમાં અન્ય રાજ્યના ભારતીય નાગરિકોને સ્થાનિક નાગરકિતા માનવાથી રોકે છે. આવી જ રીતે બીજા રાજ્યના નાગરિકો જમ્મુ કાશ્મીરમાં નોકરી મેળવી શકે નહીં અને સંપત્તિ પણ ખરીદી શકે નહીં. આની સાથે સાથે જો પ્રદેશની કોઈ યુવતીએ અન્ય રાજ્યના નાગરિક સાથે લગ્ન કર્યા છે તો તેને રાજ્યમાં

● અનુસંધાન પાન-૭ પર

## અમરનાથ યાત્રા બીજા દિવસે પણ બંધ રહી

શ્રીનગર,તા. ૬

કલમ ૩૫-એની કાયદેસરતા પર સુપ્રિમ કોર્ટમાં કાયદેસરના પડકાર સામે અલગતાવાદીઓ દ્વારા સંપૂર્ણ બંધની હાકલ કરવામાં આવ્યા બાદ આજે સતત બીજા દિવસે પણ કાશ્મીરમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલુ રહ્યુ હતુ. અમરનાથ યાત્રા આજે બીજા દિવસે પણ બંધ રાખવામાં આવી હતી. કોઈ પણ અનિચ્છનીય બનાવને ટાળવાના હેતુથી આ યાત્રા બંધ રાખવામાં આવી હતી. અલગતાવાદીઓના બંધના પરિણામ સ્વરૂપે વહીવટીતંત્રએ સાવચેતીના પગલાંરૂપે ગઈકાલે રવિવારે અમરનાથયાત્રાને બે દિવસ માટે રદ કરવાનો નિર્ણય કર્યો હતો. કલમ ૩૫-એને સમર્થન આપવાના હેતુસર આ બંધની હાકલ કરવામાં આવી હતી. ભગવતીનગર યાત્રા નિવાસથી કોઈપણ શ્રદ્ધાળુઓને આગળ વધવાની મંજુરી આપવામાં આવી ન હતી. ઉધમપુર અને રામબાણમાં ખાસ તપાસ ચોકી ગોઠવવામાં આવી છે. જેથી શ્રદ્ધાળુઓ જમ્મુ-શ્રીનગર રાજમાર્ગ ઉપર આગળ ન વધે.

## પ્રભાતના પગરવ...

## અનામી વિદ્યા-સેવા

જયશ્રી કૃષ્ણ..! આજે વાત કરવી છે કેટલાક સિદ્ધિ સંપન્ન યુવાનો દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ચાલતી અનામી વિદ્યાસેવાની. કેટલાંક સમાજો, સંસ્થાઓ જૂન મહિનામાં નોટબુક, ચોપડા, દફતરનું વિતરણ વ્યાપકરૂપે કરે છે. માત્ર ગાંધીનગરમાં જ તમામ જ્ઞાતિ સમાજો અને સેવા-સંસ્થાઓ પીડિતો-વંચિતો અને જરૂરિયાતમંદો માટે નોટબુક-ચોપડા વ્યાપક રીતે પોતપોતાની સંસ્થાના નામ-સરનામા છપાવીને વિતરણ કરતા હોય છે. આ સમગ્ર પ્રવૃત્તિ આવકારદાયક અને અભિનંદનીય છે. પરંતુ આજે જે વાત કરવી છે સેવાનુ વધુ એક પીંછુ ઉમેરીને થતી અનામી સેવાની.

ગાંધીનગર-અમદાવાદના ૧૨-૧૫ સિદ્ધિ સંપન્ન યુવકોના મનમાં એક વિચાર આવ્યો કે ગરીબ વર્ગનું ઘણાબધાં વિચારે છે, પરંતુ આપણે મધ્યમ વર્ગનો વિચાર કરીએ. જે ક્યાંય હાથ લાંબો કરી શકતો નથી અને છતાં સંતાનોની ઉજ્જવળ કારકિર્દી માટે પ્રતિબદ્ધ છે. એવા પરિવારોને શૈક્ષણિક સત્રના પ્રારંભે ઉત્તમ ગુણવત્તાવાળા નોટબુક ચોપડા ખરીદીને નામ-નિશાન કે ઉલ્લેખ વગર મધ્યમ વર્ગીય પરિવારને પહોંચાડવા. સંકલ્પમાં તાકાત હોવાના કારણે ૫-૬ વર્ષથી અવિરત ગુપ્તરાહે સેવા અપાઈ રહી છે. કોઈ સમારંભ નહીં, કોઈ જાહેરાત નહીં, નોટ-ચોપડા પર કોઈ જાહેરાત નહીં, કોણે આપ્યા એ કોઈ જાણે નહિ આમ છતાં ૧,૫૦,૦૦૦ પરિવારોને જરૂરિયાત પ્રમાણે નોટ ચોપડા પહોંચાડે છે. આ અનામી સેવામાં કોણ દાતા છે ને કોણ લાભાર્થી છે એની ક્યાંય કડી ન મળે તેવી રીતે તેની વિતરણ વ્યવસ્થા ગોઠવાય છે.

આ સેવાકાર્ય સાથે સંકળાયેલા એક સુત્રધાર સાથે વાત કરતાં નામ નહીં પ્રસિદ્ધ કરવાની કડક સુચના સાથે જણાવ્યુ કે અમે અમારા વ્યાપાર-વ્યવસાયમાં જે નફો પ્રાપ્ત કરીએ તેના ૫ ટકા આ સેવા માટે અલગ ફાળવીએ છીએ. એકત્ર કરાયેલ ફંડ દ્વારા ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળા ૧૫૦૦ ડઝન નોટબુક ચોપડા ખરીદીએ છીએ અને કોઈને પણ અમે પ્રત્યક્ષ રીતે મુલાકાત વગર કોઈકના કોઈક થકી વિતરણ વ્યવસ્થા ગોઠવીએ છીએ. જેના કારણે સહાય સ્વીકારનાર મધ્યમવર્ગીય પરિવારને શરમ સંકોચ કે સ્વમાન ભંગનો ભાવ ન ઉભો થાય. અને સાથોસાથ અમને પણ કોઈને આટલી મદદ કરી એવો અહંકાર ન ઉભો થાય તે માટે અપ્રત્યક્ષ અને અનામી સેવા કરવાનો અમારો કડક નિર્ણય ૭-૭ વરસથી જળવાયો છે તેનો સંતોષ છે. જે જે કેન્દ્રો કે મહત્વના વ્યક્તિઓ થકી વિતરણ સેવા શક્ય બને છે તેમને પણ અમે વિનંતી કરીએ છીએ કે ક્યાંય અમારા નામનો ઉલ્લેખ ન થાય. ખરેખર સરસ્વતી નદી જેવી સેવા અને એ પણ મા સરસ્વતીના સાધકો માટેની સેવાના સંકલ્પધારીઓને લાખ લાખ અભિનંદન પાઠવીએ છીએ.

## ભારતીય સેનાને ૪૦૦ હાઈટેક અલ્ટ્રાલાઈટ તોપ અપાશે

ન્યુ દિલ્હી,તા.૬

ભારતીય સેનાને હાલ ૪૦૦થી પણ વધુ તોપની જરૂર છે, જેમાં એ અત્યાધુનિક તોપો પણ સામેલ છે જે પાકિસ્તાન અને ચીન સરહદે તૈનાત કરવાની છે. આ બંને સરહદે ઊંચાઈવાળા ઠંડા વિસ્તારમાં સારું કામ આપી શકે એ પ્રકારની તોપોની જરૂર પડે છે. હાલમાં જ ભારતે વજનમાં હલકી અને ઊંચાઈ પર બર્ફીલા પહાડો પર કામ આપી શકે એવી હોવિત્ઝર તોપો મંગાવી હતી.

ભારતીય સેનામાં સામેલ થનારી આ તોપો મેક ઈન ઈન્ડિયા અભિયાન હેઠળ તૈયાર કરાઈ રહી છે. ભારતીય સેનાએ પણ કુલ ૧૪૫ તોપ મળવાની પ્રક્રિયામાં ઝડપ લાવવાનું સૂચન કર્યું હતું. મે ૨૦૧૮માં ધનુષ ૧૫૫/૪૫ કેલિબર ધરાવતી તોપોનું પોખરણમાં પરીક્ષણ કરાયું હતું.

ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડે કહ્યું હતું કે, અમે ખૂબ ઝડપથી ૧૧૪ તોપ તૈયાર કરીને સેનાને આપીશું, જે કે-૯ વર્જ ૧૫૫/૫૨ કેલિબધર ધરાવતી હોવિત્ઝર તોપ છે. આ તોપ દક્ષિણ કોરિયા સાથેના એક કરાર હેઠળ સંયુક્ત ધોરણે ડિઝાઈન કરાઈ રહી છે. નવેમ્બર ૨૦૧૯ સુધી આ અત્યાધુનિક તોપ તબક્કાવાર સેનાને અપાશે.

## હવે, મેહુલ ચોક્સીને ભારત લાવવા માર્ગ મોકળો થયો

**ભારત અને એન્ટીગુઆ વચ્ચે પ્રત્યાર્પણ સમજૂતિ : હજારો કરોડ રૂપિયાના કૌભાંડકારી મેહુલ ચોક્સી પર સકંજો મજબૂત : તપાસ સંસ્થાઓ વધુ સક્રિય**

નવીદિલ્હી,તા. ૬

હજારો કરોડ રૂપિયાના કૌભાંડ કરીને દેશમાંથી ફરાર થયેલા હીરા કારોબારી મેહુલ ચોક્સી ઉપર સંકજો વધુ મજબૂત કરવામાં આવી રહ્યો છે. અહીંથી ભાગીને મેહુલે કેરેબિયન દેશ એન્ટીગુઆની નાગરિકતા હાસલ કરી લીધી હતી. ભારત અને એન્ટીગુવા વચ્ચે પત્યાર્પણ સંધિ હવે થઈ ચુકી છે. આનો મતલબ એ થયો કે, હવે ચોક્સીને સરળતાથી કાયદાકીય પ્રક્રિયા હેઠળ ભારત લાવી શકાશે. ચોક્સીની એન્ટીગુવામા હાજરીને લઈને ભારતીય તપાસ સંસ્તાઓ પણ ખાતરી આપી ચુકી છે. હવે ભારતીય તપાસ સંસ્થાઓ ચોક્સી સુધી પહોંચવાના પ્રયાસમાં લાગેલી છે. જુદા જુદા વિકલ્પો પર વિચારણા ચાલી રહી છે. ચોક્સીના મામલામાં મળેલી આ સફળતા મોદી સરકાર માટે રાહતની બાબત હોઈ શકે છે. કારણ કે, સરકારના વલણ ઉપર વિપક્ષ દ્વારા સતત પ્રહાર

● અનુસંધાન પાન-૭ પર

## નર્મદા ડેમની સપાટીમાં સતત ઘટાડો

ગાંધીનગર,તા.૬

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની સપાટી સતત ઘટી રહી છે. હાલ નર્મદા ડેમની સપાટી ૧૧૧.૦૭ મીટર છે. ગઈકાલે ડેમની સપાટી ૧૧૧.૧૭ મીટર હતી. ડેમમાં પાણીની આવક કરતા જાવક બમણી હોવાને કારણે સપાટી સતત ઘટી રહી છે.

# રાજ્યસભાના ઉપસભાપતિ પદની ચૂંટણી નવમીએ યોજાશે

ન્યુ દિલ્હી,તા.૬

રાજ્યસભાના સભાપતિ પી.જે કુરિયનનો કાર્યકાળ આ વર્ષના જૂનમાં પૂરો થઈ ગયો હતો. ચોમાસુ સત્ર ૧૦ ઓગસ્ટે સમાપ્ત થઈ રહ્યુ છે. ઉપસભાપતિની ચૂંટણી ૯ ઓગસ્ટે થશે.

રાજસભાના સભાપતિ વેંકૈયા નાયડુએ આજે સંસદમાં કહ્યુ કે ૯ ઓગસ્ટે સવારે ૧૧ વાગે ઉપસભાપતિના પદ માટે ચૂંટણી યોજાશે. ચોમાસુ સત્ર પુરૂ થવાના એક દિવસ પહેલા રાજયસભાના ઉપસભાપતિ માટે ચૂંટણી યોજાશે.

**જેડીયુના સાંસદ હરિવંશ એનડીએના ઉપસભાપતિ પદના ઉમેદવાર : રાજ્યસભામાં ૨૪૫ સભ્ય છે, ચૂંટણી જીતવા ૧૨૨નું સમર્થન જરૂરી, ભાજપ-એનડીએ પાસે ૧૦૫ સાંસદ અને ૬ અપક્ષો છે, જો કોંગ્રેસને બીજેડી સાથ આપે તો ૧૨૨ સભ્યો સુધી પહોંચી જાય**

રાજયસભામાં મ્તઁ પાસે બહુમત ન હોવા છતાં પાર્ટી વિપક્ષને વોકઓવર આપવાના મૂડમાં નથી. કોગ્રેસ બાકી વિપક્ષ સાથે મળીને સંયુકત ઉમેદવાર મેદાનમાં ઉતારી શકે છે.

રાજયસભામાં ૨૪૫ સભ્યો છે. રાજયસભામાં ઉપસભાપતિની ચૂંટણી જીતવા માટે ૧૨૨ સભ્યોની જરૂર છે. મ્તહ્ઠ અધ્યક્ષ અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક વિપક્ષના સંયુક્ત ઉમેદવારનો સ્વીકાર કરવા માટે તૈયાર છે. જોકે નવીન પટનાયક તેમની પાર્ટીના ઉમેદવાર માટે સમર્થન મેળવવાનો પ્રયત્ન કરશે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુડગાંવ દેશનું સૌથી પ્રદૂષિત શહેર દિલ્હીમાં પણ હવા ખુબ જ પ્રદૂષિત



નવીદિલ્હી,તા. ૬

સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા સૌથી વધારે પ્રદુષિત સીટીમાં ગુડગાવને જાહેર કરતા તર્ક વિતર્કનો દોર શરૂ થયો છે. જે ૬૨ શહેરોમાં પવનની ગુણવત્તામાં તપાસ કરવામાં આવી છે તેમાં સૌથી

● અનુસંધાન પાન-૭ પર


ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ 26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹24*/500 mL
અમૂલ શક્તિ







*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055 / 56 / 57

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય





Healthy asset quality

Thanks to following robust customer selection and risk management policies

We follow a systematic methodology in the selection of new geographies where we open branches. We also have an effective credit risk management system.

- A leading Indian micro-finance institution focused on providing micro-loans to women in rural areas
- Promoted by CreditAccess Asia N.V., a multinational company specializing in MSE financing
- Third largest NBFC-MFI in India in terms of gross loan portfolio as of March 31, 2017 (according to CRISIL Research)
- Customer-centric business model with a wide range of product offerings
- Served over 1.85 million active customers out of a total customer base of 2.19 million, as of March 31, 2018
- Contiguous district based expansion strategy across regions covering 132 districts in the states of Karnataka, Maharashtra, Tamil Nadu, Chhattisgarh, Madhya Pradesh, Odisha, Kerala, Goa and Puducherry (U.T.) through 516 branches and 4,544 loan officers*
- Effective credit risk management reflected in portfolio quality indicators such as robust repayment rates, stable PAR and low rates of GNPA and NNPA

*As of March 31, 2018

CREDITACCESS GRAMEEN LIMITED
www.grameenkoota.org
GrameenKoota financial services

CreditAccess Grameen Limited is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering (Offer) of its equity shares and has filed a red herring prospectus (RHP) with the Registrar of Companies, Bangalore situated at Karnataka. The RHP will be available on the website of SEBI at www.sebi.gov.in, NSE at www.nseindia.com, BSE at www.bseindia.com and the website of the book running lead managers to the Offer, i.e. ICICI Securities Limited, Credit Suisse Securities (India) Private Limited, IIFL Holdings Limited and Kotak Mahindra Capital Company Limited at www.icicisecurities.com, www.credit-suisse.com, www.iiflcap.com and www.investmentbank.kotak.com respectively. Any potential investors should note that investment in equity shares involves a degree of risk and for details relating to the same, please refer to the RHP, including the section "Risk Factors" on page 15 of the RHP. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act") or any state securities laws in the United States, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside the United States, in offshore transactions in compliance with Regulation S under the U.S. Securities Act ("Regulation S") and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) in the United States, to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act ("Rule 144A")), in reliance on Rule 144A or other available exemptions under the U.S. Securities Act. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.
CRISIL Research, a division of CRISIL Limited (CRISIL) has taken due care and caution in preparing this Report based on the information obtained by CRISIL from sources which it considers reliable (Data). However, CRISIL does not guarantee the accuracy, adequacy or completeness of the Data / Report and is not responsible for any errors or omissions or for the results obtained from the use of Data / Report. This Report is not a recommendation to invest / disinvest in any company covered in the Report. CRISIL especially states that it has no financial liability whatsoever to the subscribers/ users/ transmitters/ distributors of this Report. CRISIL Research operates independently of, and does not have access to information obtained by CRISIL's Ratings Division / CRISIL Risk and Infrastructure Solutions Limited (CRIS), which may, in their regular operations, obtain information of a confidential nature. The views expressed in this Report are that of CRISIL Research and not of CRISIL's Ratings Division / CRIS. No part of this Report may be published / reproduced in any form without CRISIL's prior written approval.

Adfactors 222A